# અભિમાનનું ફળ

– બીજલ શાહ

એક શિલ્પી **હતો**. તે આરસની સુંદર મૂર્તિઓ બનાવીને વેચતો હતો. તે મૂર્તિઓ બનાવવામાં ઘણો જ હોશિયાર થઈ ગયો હતો. જો કોઈ તેની મૂર્તિઓની ખામી બતાવે તો તેના પર તે ગુસ્સે થઈ **જતો**.

શિલ્પી ઘરડો થઈ ગયો હતો. એક દિવસની વાત છે. તે સૂતો હતો. ત્યારે તેને સપનું આવ્યું કે, 'આજથી એક વરસ પછી તે મરી જશે.' પોતાની મોતની ખબર પડતાં જ તેને બીક લાગવા માંડી. તેને મરવું ન હતું. તેને ચિંતા થવા લાગી પણ તે કંઈ કરી શકે તેમ ન હતો.

તેને વિચાર આવ્યો કે હું મારા જેવી મૂર્તિઓ બનાવીને રાખી દઉં. પછી તેણે આરસમાંથી પોતાની જ મૂર્તિ બનાવી. એવી આઠ મૂર્તિઓ બનાવી. તેને શણગારીને એક ઓરડામાં રાખી દીધી. આ મૂર્તિઓને જોવા દૂર દૂરથી લોકો આવતા. તે શિલ્પી મૂર્તિઓની વચ્ચે ઊભો રહી જતો ત્યારે કોઈ આ શિલ્પીને શોધી શકતા નહીં.

એક વરસ પૂરું થયું. એટલે શિલ્પી મૂર્તિઓની વચ્ચે જઈને ઊભો રહી ગયો.

એક દિવસ યમરાજાના દૂત તેને લેવા તેના ઘરમાં આવ્યા. તેમણે આખું ઘર જોઈ લીધું. પણ તેઓને તે શિલ્પી મળ્યો નહીં. **પાછી** યમદૂત મૂર્તિઓવાળા ઓરડામાં ગયા ત્યારે તેમણે એરસરખા ચહેરાવાળી કેટલીયે મૂર્તિઓને જોઈ. તેમને નવાઈ લાગી.



તેમને થયું કે, 'આમાંથી તે કોઈ લઈ જાય ? તે લોકો જેનું આયુષ્ય પૂરું થયું હોય તેને લઈ જવા માગતા હતા. પણ આ મૂર્તિઓમાંથી સાચો શિલ્પી કયો છે જેને તેઓ લેવા આવ્યા હતા. મૂંઝાઈને તે તેનો જીવ લીધા વિના પાછા ફરી ગયા.

જ્યારે ખાલી હાથે યમદૂતો આવ્યા એટલે યમરાજે તેમને ફરીથી પાછા મોકલ્યા.

યમદૂતો બીજી વાર આવ્યા ને તેમણે ઝીણવટથી મૂર્તિઓ જોઈ. પછી બોલ્યા, 'આ મૂર્તિઓ બહુ જ સુંદર બનાવી છે પણ તેમાં થોડી ખામી રહી ગઈ છે.'

મૂર્તિઓની વચ્ચે ઊભેલો શિલ્પી વખાણ સાંભળી રાજી થયો પણ 'થોડી ખામી રહી ગઈ છે' એવું તે સાંભળી ન શક્યો. તે ગર્વથી બોલી ગયો, 'કોણ કહે છે આમાં ખામી રહી ગઈ છે ? બતાવો કઈ ખામી રહી ગઈ છે ?'

યમદૂતો ઝડપથી આગળ આવીને તેને પકડતાં બોલ્યા, 'ક્યાં સુધી આ મૂર્તિઓમાં છુપાઈને અમને છેતરી શકીશ ? ચાલ બહાર નીકળ. તારામાં અભિમાન ભરેલું છે. જેને લીધે તને મોત મળી ગયું છે.'

શિલ્પીને પોતાની ભૂલ પર પસ્તાવો થયો. તે યમદૂતોની સાથે ચૂપચાપ ચાલી નીકળ્યો. રસ્તામાં તે વિચારવા લાગ્યો, 'જો હું મૂંગો રહ્યો હોત તો કેટલું સારું થાત ! યમદૂતો મને ઓળખી શકત નહીં.

■